બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ કારતક પૂનમ, બુધવાર ૫ નવેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦

પાનાં ૧૪+૧૬ કિંમત ₹ ૫.૦૦

ભારતીયોના વિઝા મોટાપાયે રદ કરવા કેનેડાની વિચારણા

ઇમિગ્રેશન સત્તાવાળાઓને વધુ સત્તા આપવા ચાલતી વિચારણા, ભારત અને બાંગ્લાદેશને વિશિષ્ટ પડકારના દેશો ગણાવાયા

ઓટ્ટાવા, તા. 4 : કેનેડા સરકાર તેના ઇમિગ્રેશન વિભાગને મોટા પાયે કામચલાઉ વિઝા રદ કરવાની નવી સત્તાઓ આપવાનું વિચારી રહી છે, જે ભારત અને બાંગ્લાદેશના અરજદારોને લક્ષ્ય બનાવશે એમ સીબીએસનો એક અહેવાલ જણાવે છે.

સીબીસી ન્યૂઝ દ્વારા સમીક્ષા કરાયેલા આંતરિક દસ્તાવેજો દર્શાવે છે કે ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) અને કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી (CBSA) દુરુપયોગ અથવા છેતરપિંડીના નોંધપાત્ર પુરાવા મળી આવે તો આવા મુદ્દાઓને કેસ-દર-કેસ સંભાળવાને બદલે - સામૂહિક રીતે કામચલાઉ નિવાસી વિઝા (TRVs) રદ કરવાની સત્તા માંગી રહ્યા છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ દરખાસ્ત કેનેડાને છેતરપિંડી, યુદ્ધ અથવા આરોગ્ય કટોકટી જેવી ચોક્કસ પરિસ્થિતિઓમાં જારી કરાયેલા વિઝા જૂથ ધોરણે રદ કરવાની મંજૂરી આપશે, જેનાથી ઇમિગ્રેશન મંત્રીને ઝડપથી કાર્યવાહી કરવાની કાનૂની શક્તિ મળશે. જ્યારે સૂચિત કાયદામાં સ્પષ્ટપણે કોઈ દેશને અલગ પાડવામાં આવ્યો નથી, ત્યારે સીબીએસ ન્યૂઝના અહેવાલ મુજબ, આંતરિક રજૂઆતમાં ભારત અને બાંગ્લાદેશને વિશિષ્ટ પડકારોના દેશ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, ભારતીય નાગરિકો તરફથી આશ્રયના દાવાઓમાં વધારો અને કામચલાઉ વિઝા સિસ્ટમની વધતી જતી ચકાસણી વચ્ચે ચર્ચાઓ થઈ છે. અધિકારીઓએ દસ્તાવેજોની પ્રામાણિકતા ચકાસવામાં મુશ્કેલીઓ અને બનાવટી અરજીઓની વધતી જતી સંખ્યાનો ઉલ્લેખ કર્યો છે. ગયા વર્ષે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા 20,245 થી વધુ આશ્રયના દાવા દાખલ કરવામાં આવ્યા હતા.

ગ્લોબલ ન્યૂઝ દ્વારા મેળવેલા ફેડરલ ઇમિગ્રેશન ડેટા અનુસાર, વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરાયેલા સૌથી વધુ આશ્રય દાવાઓ ધરાવતા દેશો ભારત અને નાઇજીરીયા હતા. સીબીએસના અહેવાલ મુજબ, ભારતીય નાગરિકો તરફથી આશ્રય દાવાઓ મે 2023 માં દર મહિને 500 કરતા ઓછા હતા જે જુલાઈ 2024 સુધીમાં વધીને લગભગ 2,000 થયા. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે આ દરખાસ્ત વ્યાપક ઇમિગ્રેશન સુધારા પ્રયાસનો એક ભાગ હતો જેનો હેતુ અરજીઓના ભરાવા તરફ દોરી જતી છટકબારીઓ અને કામચલાઉ

...અનુસંધાન પાના ૭ પર

ઓગસ્ટમાં ભારતીયોની ૭૪ ટકા સ્ટડી પરમિટ અરજીઓ ફગાવાઇ

બધા દેશો માટે આ અસ્વીકાર દર સરેરાશ ૪૦ ટકા જેટલો છે, ચીનીઓની તો માત્ર ૨૪ ટકા જ અરજીઓ ફગાવાઇ

ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ આ વર્ષે ઓગસ્ટમાં ભારતીય સ્ટડી પરમિટ અરજીઓમાંથી 74 ટકા અરજીઓ ફગાવી દીધી હતી, જે 2023 માં આ જ મહિનામાં નોંધાયેલા 32 ટકા ઇનકાર દર કરતા તીવ્ર વધારો દર્શાવે છે. ઓગસ્ટ 2025 માં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરાયેલી 4,515 અરજીઓમાંથી, ફક્ત 1,196 અરજીઓ મંજૂર કરવામાં આવી હતી, જે ઓગસ્ટ 2023 માં સબમિટ કરાયેલી 20,900 ની તુલનામાં મોટો ઘટાડો છે, જ્યારે ભારતીય વિદ્યાર્થીઓ તમામ આંતરરાષ્ટ્રીય અરજદારોના એક ચતુર્થાંશ કરતા વધુ હતા. જ્યારે બધા દેશો માટે એકંદર અસ્વીકાર દર 40 ટકાની આસપાસ હતો, ત્યારે ચીની અરજદારોને 24 ટકા ઇનકાર દરનો સામનો કરવો પડ્યો હતો, જે ભારતીય ઉમેદવારો પર નિર્દેશિત તીવ્ર ચકાસણી પર ભાર મૂકે છે. સ્ટડી પરમિટ ધારકોમાં ભારતીય વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ 2000 માં માત્ર 2 ટકા હતું તેથી પરથી વધીને 2023 સુધીમાં તે સૌથી મોટો વિદેશ વિદ્યાર્થી સમૂહ બન્યો. જો કે કેનેડામાં "અભ્યાસ, કામ, રહેઠાણ" નું લાંબા સમયથી ચાલતું આવેલ સ્વપ્ન હવે ચકનાચૂર થઈ ગયું છે. અસ્વીકારમાં વધારો કેનેડાની વ્યાપક ઇમિગ્રેશન નીતિના પુનર્ગઠન સાથે ગાઢ રીતે જોડાયેલો છે, જે છેતરપિંડીને લક્ષ્ય બનાવે છે અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યાને નિયંત્રિત કરે છે.

14ને ઈજા, મેમુ ટ્રેન રેડ સિગ્નલ તોડીને આગળ ગઈ, રેલવે મૃતકોના પરિવારજનોને રૂ. 10 લાખ અને ગંભીર રીતે ઈજાગ્રસ્તોને રૂ. 5 લાખનું વળતર આપશે

છત્તીસગઢમાં મેમુ ટ્રેન માલગાડી સાથે અથડાઈ, આઠનાં મોત

ટક્કર એટલી જોરદાર હતી કે પેસેન્જર ટ્રેનનો એક કોચ માલગાડીના એક ડબ્બાની ઉપર ચઢી ગયો, બે મુસાફરો હજુ પણ ફસાયેલા

બિલાસપુર (છત્તીસગઢ), તા. 4 (PTI): છત્તીસગઢના બિલાસપુર સ્ટેશન નજીક મંગળવારે એક પેસેન્જર ટ્રેન રેડ સિગ્નલ તોડીને માલગાડી સાથે પાછળથી અથડાતાં લોકોમોટિવ પાઇલટ સહિત ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં હતાં અને 14 અન્ય ઈજાગ્રસ્ત થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અકસ્માત સાંજે લગભગ 4 વાગ્યે થયો હતો જ્યારે એક મેમુ પેસેન્જર ટ્રેન ગેવરાથી બિલાસપુર તરફ જઈ રહી હતી.

જ્યારે તે ગાતોરા અને બિલાસપુર રેલવે સ્ટેશન વચ્ચે હતી ત્યારે પેસેન્જર ટ્રેન માલગાડી સાથે પાછળથી અથડાઈ હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું.

અકસ્માતમાં અત્યાર સુધી સાત લોકોનાં મોતની પુષ્ટી થઈ છે. બેથી ત્રણ લોકો હજુ પણ કાટમાળની અંદર ફસાયેલા હોવાની આશંકા છે અને તેમને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે, એમ બિલાસપુરના કલેક્ટર સંજય અગ્રવાલે પીટીઆઈને કહ્યું હતું.

માલગાડી પણ પેસેન્જર ટ્રેન જઈ રહી હતી તે જ દિશામાં જઈ રહી હતી. ઈજાગ્રસ્ત મુસાફરોને બિલાસપુરમાં સ્થિત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમાંના એકની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે, એમ તેમણે ઉમેર્યું. અકસ્માતમાં સહાયક મહિલા લોકો પાઈલટ રશ્મિ રાજને ગંભીર ઈજાઓ થઈ હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે પેસેન્જર ટ્રેનનો એક કોચ માલગાડીના એક ડબ્બાની ઉપર ચઢી ગયો હતો.

રેલવે અધિકારીઓએ મૃતકોના પરિવારજનોને રૂ. 10 લાખ અને ગંભીર રીતે ઈજાગ્રસ્તોને રૂ. 5 લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે, જ્યારે સામાન્ય ઇજા પામેલા લોકોને રૂ. 1 લાખની સહાય આપવામાં આવશે.

આ અકસ્માતની વિગતવાર તપાસ રેલવે સેફ્ટી કમિશનરના (સીઆરએસ) સ્તરે કરવામાં આવશે જેથી કારણ શોધી શકાય અને જરૂરી સુધારાત્મક પગલાં લેવાની ભલામણ કરી શકાય, એમ સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. રેલવે વહીવટીતંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા માટે વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા, એમ તેમાં જણાવાયું હતું. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું હતી અને જિલ્લા કલેક્ટર સાથે ફોન પર વાત કરી, અકસ્માત વિશે વિગતવાર માહિતી માગી હતી અને અધિકારીઓને અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પાડવા નિર્દેશ આપ્યા હતા, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારને રૂ. 5 લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. 50,000 વળતર આપવાની જાહેરાત કરી હતી. ટક્કરનો અવાજ સાંભળીને નજીકના ગામના રહેવાસીઓ ઘટના સ્થળ પર દોડી ગયા હતા અને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી.

દિલ્હી ડાયરી

બિહારમાં પોતાનું સ્વપ્ન પૂરું કરવાના અમિત શાહના પ્રયાસ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું સ્વપ્ન આગામી પાંચ દાયકા સુધી ભારતીય જનતા પાર્ટીને પંચાયતથી સંસદ સુધી સત્તામાં જોવાનું છે. નરેન્દ્ર મોદીના વડા પ્રધાન તરીકેના પ્રથમ કાર્યકાળ દરમિયાન ભાજપના અધ્યક્ષ તરીકે શાહે વારંવાર પક્ષના કાર્યકરોને આ લાંબા વિઝન માટે પોતાને સમર્પિત કરવા વિનંતી કરી હતી. આ સંદર્ભમાં, બિહાર તે સ્વપ્નમાં એક ખાસ સ્થાન ધરાવે છે. શાહ 2015માં તેમની અધ્યક્ષતા હેઠળ રાજ્યમાં ભાજપને મળેલા પરાજયને ભૂલી શક્યા નથી, જ્યારે સમાજવાદી દિગ્ગજો, લાલુ પ્રસાદ યાદવ અને નીતિશ કુમારે ભાજપના સત્તામાં આવવાના પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે હાથ મિલાવ્યા હતા. હાર કરતાં પણ વધુ નીતિશ કુમારનો વિશ્વાસઘાત - ભાજપનો ત્યાગ કરવાનો અને રાષ્ટ્રીય જનતા દળ સાથે જોડાણ કરવાનો તેમનો નિર્ણય શાહને સતત પરેશાન કરી રહ્યો છે, એમ તેમના નજીકના લોકોથી જાણવા મળ્યું હતું. કુમાર નેશનલ ડેમોક્રેટીક એલાયન્સમાં પાછા ફર્યા છે પણ એકલા ભાજપના શાસનની આકાંક્ષા અધૂરી રહી છે. બિહાર વધુ એક વિધાનસભા ચૂંટણી તરફ

...અનુસંધાન પાના ૭ પર

તા. ૦૪-૧૧-૨૦૨૫નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૧.૮° સે.	૨૪.૨° સે.	૬૯%

ગુજરાત સહિત બાર રાજ્યોમાં મતદારયાદી સુધારણા શરૂ

આ પ્રક્રિયાના વિરોધમાં મમતાએ કોલકાતામાં રેલી યોજી, ડીએમકેએ સુપ્રીમમાં અરજી કરી

નવી દિલ્હી/કોલકાતા, તા 4 (PTI). ચૂંટણી પંચ દ્વારા નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદારોની યાદીનું ખાસ સઘન સંશોધન (SIR) મંગળવારે શરૂ થયું, જેમાં અનેક પક્ષોના વાંધાઓનો સમાવેશ થાય છે.

બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં SIR વિરોધી આક્રમણનું નેતૃત્વ કર્યું, કોલકાતામાં રેલી યોજી અને આ કવાયતમાં "શાંત, અદ્રશ્ય ગોટાળા"નો આરોપ લગાવ્યો. બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ (TMC) ઉપરાંત, તમિલનાડુમાં શાસક DMK અને તેના સાથી પક્ષો દ્વારા પણ મતદાર યાદી સમીક્ષા કવાયતનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, જેમણે સોમવારે આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

ચૂંટણી પંચ (EC) એ જણાવ્યું હતું કે તેના બૂથ-સ્તરીય અધિકારીઓ (BLO) મતદારોને અર્ધ-ભરેલા ગણતરી ફોર્મ સોંપવા માટે ઉતરી આવ્યા છે અને તેમને જરૂરી દસ્તાવેજ ભરવામાં પણ મદદ કરશે. ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, SIR ગણતરીના તબક્કાથી શરૂ થશે અને 4 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. EC 9 ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદીઓ બહાર પાડશે અને 7 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીઓ પ્રકાશિત કરવામાં આવશે. SIRનો બીજો રાઉન્ડ જે 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવશે તેમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. આમાંથી, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં 2026 માં ચૂંટણી યોજાશે. આસામમાં, જ્યાં 2026 માં ચૂંટણી યોજાવાની છે, ત્યાં

...અનુસંધાન પાના ૭ પર

ભારતના ટોચના ૧ ટકા લોકોની મિલકતો ૬૨ ટકા વધી

વૈશ્વિક રીતે ટોચના એક ટકા લોકો પાસે ૪૧ ટકા મિલકતો, જ્યારે ૫૦ ટકા લોકો પાસે વૈશ્વિક મિલકતોમાં માત્ર ૧ ટકા ભાગ: G20નો રિપોર્ટ

નવી દિલ્હી, તા. 4 (PTI): ભારતના સૌથી ધનિક 1 ટકા લોકોએ 2000 થી 2023 દરમિયાન તેમની સંપત્તિમાં 62 ટકાનો વધારો કર્યો છે એમ G20ના દક્ષિણ આફ્રિકાના પ્રમુખાલય દ્વારા તૈયાર કરાયેલ એક અહેવાલ જણાવે છે.

નોબેલ પુરસ્કાર વિજેતા જોસેફ સ્ટિગ્લિટ્ઝના નેતૃત્વ હેઠળ કરાયેલા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે વૈશ્વિક અસમાનતા "કટોકટી" સ્તરે પહોંચી ગઈ છે, જે લોકશાહી, આર્થિક સ્થિરતા અને આબોહવા પ્રગતિ માટે જોખમી છે. વૈશ્વિક અસમાનતા પર સ્વતંત્ર નિષ્ણાતોની G20 અસાધારણ સમિતિ, જેમાં અર્થશાસ્ત્રીઓ જયતિ ઘોષ, વિન્ની બાયનીમા અને ઇમરાન વાલોડિયાનો સમાવેશ થાય છે, એ શોધી કાઢ્યું કે વૈશ્વિક સ્તરે ટોચના 1 ટકા લોકોએ 2000 અને 2024 વચ્ચે સર્જાયેલી બધી નવી સંપત્તિનો 41 ટકા હિસ્સો કબજે કર્યો છે, જ્યારે માનવતાના નીચેના અડધા ભાગને ફક્ત 1 ટકા જ મળ્યો છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ચીન અને ભારત જેવા કેટલાક ખૂબ જ વસ્તી ધરાવતા દેશોમાં માથાદીઠ આવકમાં વધારાને કારણે આંતરદેશીય અસમાનતા, વ્યાપક રીતે માપવામાં આવી છે, જે બાબત વૈશ્વિક GDP માં ઉચ્ચ આવક ધરાવતા દેશોના હિસ્સામાં કંઈક અંશે ઘટાડો દર્શાવે છે.

અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૦૦ થી ૨૦૨૩ ની વચ્ચે, વિશ્વના ૭૪ ટકા દેશો ધરાવતા અડધાથી વધુ દેશોમાં, સૌથી ધનિક ૧ ટકા લોકોએ સંપત્તિમાં પોતાનો હિસ્સો વધાર્યો છે. ભારતમાં, ટોચના ૧% લોકોએ આ સમયગાળા (૨૦૦૦-૨૦૨૩) દરમિયાન તેમની સંપત્તિમાં ૬૨% વધારો કર્યો છે; જ્યારે ચીનમાં આ આંકડો ૫૪% છે," એમ અહેવાલમાં જણાવાયું છે. "અત્યંત અસમાનતા એક પસંદગી છે. તે અનિવાર્ય નથી અને રાજકીય ઇચ્છાશક્તિથી તેને ઉલટાવી શકાય છે. વૈશ્વિક સંકલન દ્વારા આને મોટા પ્રમાણમાં સરળ બનાવી શકાય છે, અને આ સંદર્ભમાં, G20 ની મહત્વપૂર્ણ ભૂમિકા છે," એમ તે જણાવે છે. આ અહેવાલમાં વૈશ્વિક વલણોનું નિરીક્ષણ કરવા અને નીતિનિર્માણને માર્ગદર્શન આપવા માટે આંતર-સરકારી પેનલ ઓન ક્લાઇમેટ ચેન્જ (IPCC)ના મોડેલ પર આંતરરાષ્ટ્રીય પેનલ રચવાની ભલામણ કરવામાં આવી છે.

ભારત અને ઇઝરાયેલ વચ્ચે મહત્વનો સંરક્ષણ કરાર

મહત્વની શસ્ત્ર પ્રણાલીઓ અને લશ્કરી સરંજામનું બંને દેશો સહકારી ધોરણે ઉત્પાદન કરવા સંમત

નવી દિલ્હી, તા. 4 (PTI): ભારત અને ઇઝરાયલે મંગળવારે એક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા જે અદ્યતન તકનીકોની વહેંચણીને સરળ બનાવશે અને મુખ્ય શસ્ત્ર પ્રણાલીઓ અને લશ્કરી હાર્ડવેરના સહ-વિકાસ અને સહ-ઉત્પાદનને પ્રોત્સાહન આપશે, જે તેમના પહેલાથી જ મજબૂત વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાના એક મોટા પગલામાં કરવામાં આવ્યું છે.

સંરક્ષણ સહયોગ પર ભારત-ઇઝરાયલ સંયુક્ત કાર્યકારી જૂથ (JWG) ની બેઠક બાદ તેલ અવીવમાં સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સંરક્ષણ સહયોગ પરના સમજૂતી કરાર પર "બંને દેશો વચ્ચે પહેલાથી જ મજબૂત સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવા માટે એકીકૃત દ્રષ્ટિ અને નીતિ દિશા" પ્રદાન કરવા માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, એમ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું. આ કરાર કૃત્રિમ બુદ્ધિ, સાયબર સુરક્ષા, સંરક્ષણ સંશોધન અને નવીનતા અને ઔદ્યોગિક સહયોગના ક્ષેત્રોમાં સહકારની પણ જોગવાઈ ધરાવે છે.

ભારત ઇઝરાયલના લશ્કરી હાર્ડવેરનો અગ્રણી ખરીદદાર છે અને બાદમાં છેલ્લા કેટલાક વર્ષોથી વિવિધ શસ્ત્ર પ્રણાલીઓ, મિસાઇલો અને માનવરહિત હવાઈ વાહનો ઇઝરાયેલને પૂરા પાડી રહ્યું છે.

...અનુસંધાન પાના ૭ પર

રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલની ક્લિપ્સ યુ-ટ્યુબ ચેનલો પર દેખાતા કૌભાંડ બહાર આવ્યું

ભારતનું CCTV હોરર: ડઝનબંધ ડેશબોર્ડ્સ હેક

સુરત સહિત ગુજરાતના અને દેશના અનેક શહેરોનો અનેક સીસીટીવી સિસ્ટમો હેક, ૫૦૦૦૦ ક્લિપો ઓનલાઇન વેચાઇ

હોસ્પિટલો, શાળાઓ, ઓફિસો, મકાનોમાંથી ખાનગી ક્ષણોની ક્લિપો તફડાવીને ઓનલાઇન વેચવામાં આવી

નવી દિલ્હી, તા. 4 : એક ભયાનક સાયબર ક્રાઇમ કૌભાંડે ભારતની ડિજિટલ સલામતીની ભાવનાને હચમચાવી નાખી છે. છેલ્લા નવ મહિનામાં, હેકર્સે 20 રાજ્યોમાં ડઝનબંધ CCTV સિસ્ટમમાં ઘૂસીને ઘરો, હોસ્પિટલો, શાળાઓ અને ઓફિસોમાંથી ખાનગી ફૂટેજ ચોરી લીધા છે અને તેમને આંતરરાષ્ટ્રીય પોર્ન નેટવર્ક્સને ઓનલાઇન વેચી દીધા છે.

નિયમિત સુરક્ષા ફૂટેજ તરીકે જે શરૂ થયું તે હજારો બિનશરતી ભારતીયો માટે દુઃસ્વપ્નમાં ફેરવાઈ ગયું. તપાસકર્તાઓએ ખુલાસો કર્યો કે ૮૦ ડેશબોર્ડો હેક થયા હતા અને 50,000 થી વધુ વિડિઓ ક્લિપ્સ લીક થઈ હતી અને એન્ક્રિપ્ટેડ ટેલિગ્રામ ચેનલો પર પ્રતિ ક્લિપ 700 રૂપિયા જેટલા ઓછા ભાવે વેચાઈ હતી, જ્યારે કેટલીક 4,000 રૂપિયા સુધીના ભાવમાં વેચાઈ હતી. હોસ્પિટલના વોર્ડથી લઈને લિવિંગ રૂમ સુધી, હેકર્સે સામાન્ય ક્ષણોને દૃશ્યાત્મક સામગ્રીમાં ફેરવી દીધી હતી. આ કૌભાંડ સૌપ્રથમ ત્યારે સામે આવ્યું જ્યારે રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલના સ્નિપેટ્સ "મેઘા

...અનુસંધાન પાના ૭ પર

અનેક સિસ્ટમોમાં ડિફોલ્ટ પાસવર્ડ જ ચાલુ હતો!

એક સાયબર ક્રાઇમ અધિકારીના જણાવ્યા પ્રમાણે અનેક સીસીટીવી સિસ્ટમોમાં આ સિસ્ટમોના ઉત્પાદક તરફથી આપવામાં આવેલા admin123 પાસવર્ડને બદલવામાં આવ્યો જ ન હતો. આથી હેકરોનું કામ સરળ થઇ ગયું હતું અને તેમણે સહેલાઇથી સિસ્ટમો હેક કરી લીધી હતી.